ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૧૨૯/૧૮-૧૯/ 5347 તારીખ: 27 NOV 2018

કેસ નં.: ૧૨૯/૧૮-૧૯

પ્રતિ,
શ્રી રસિકભાઈ જીવરાજભાઈ બારભાયા, આર.પી.એ.ડી.
મુ., ભાવનગર રોડ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં,
તા. બોટાદ, જી. બોટાદ.
મો.: ૯૬૦૧૪ ૪૪૧૫૧.

વિષય : નવા ખેતીવાડી વીજ કનેક્શન ન મળવા બાબત.

સંદર્ભ : આપનો પત્ર તા. ૧૨.૧૦.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૨૦.૧૧.૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, બોટાદ.

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાના:–
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ટાઉન બોટાદ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૨૯/૧૮-૧૯ ☜

વાદી :- શ્રી રસિકભાઈ જીવરાજભાઈ બારભાયા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૨૯.૦૯.૧૮ ◈

હાજર રહયા :- પોતે.

પ્રતિવાદી :- શ્રી ડી. કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રસિકભાઈ જીવરાજભાઈ બારભાયા, મુ., ભાવનગર રોડ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, તા. બોટાદ, જી. બોટાદ ની નવા ખેતીવાડી વીજ જોડાણ લેવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૯ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૨૯ / ૧૮–૧૯/ ૪૮૭૩ તા. ૨૩.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૦.૧૧.૧૮, નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ, તથા પ્રતિવાદી શ્રી ડી.કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ તા. ૧૫.૧૧.૨૦૧૩ ના રોજ રૂ. ૨૦૦ રજીસ્ટ્રેશન ચાર્જ પેટે પહોંચ નં.૪૪૧૫૭૩ થી ભરપાઇ કરી નવા ખેતીવાડી કનેક્શન માટેની અરજી કરેલ છે. અને આ કનેક્શન માટે સર્વે પણ થઇ ગયેલ છે.

૧.૨ આ અંગે રૂબરૂ તપાસ કરતા જાણવા મળેલ કે કચેરી તરફ થી અંદાજપત્ર જાવક નં. ૩૮૩૦ થી તા. ૪.૧૦.૧૭ ના રોજ મોકલી દેવામાં આવેલ છે પરંતુ ટપાલ થી એસ્ટીમેટ અમોને મળેલ નથી. ત્યારે ટપાલ કર્મચારી હડતાલ ઉપર હોવાથી કદાચ મળેલ નહિ હોય તેવું મારું માનવું છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ મારી આ રજૂઆત દયાને લઇ આ અંદાજપત્ર ની ટાઈમ લીમીટ વધારી વીજ જોડાણ આપવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી રસીકભાઈ જીવરાજભાઈ બારભાયા દ્વારા તેમના બોટાદ ગામના ખેતીવાડી સર્વે નં ૯૧ પૈકીર માં નવું ખેતીવાડી વીજ જોડાણ લેવા બોટાદ શહેર-૨ પે.વી. કચેરી ખાતે રજીસ્ટ્રેશન ચાર્જ રૂ ૨૦૦ પહોંચ નં. ૪૪૧૫૭૩ થી તારીખ ૧૫-૧૧-૨૦૧૩ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ હતી.

૨.૨ સામાન્ય અગ્રતાક્રમ મુજબ અરજદારનો વારો આવતા સ્થળ મોજણી કરી અરજદારને અંદાજપત્ર જાવક નં. ૩૮૩૦ તારીખ ૦૪-૧૦-૨૦૧૭ થી પાઠવેલ.જે અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તારીખ:૦૨-૧૧-૨૦૧૭ હતી.સદર અંદાજપત્ર માં સરનામું ઇન્દ્રપ્રથ સંકુલ પાછળ, સમઢીયાળા રોડ, બોટાદ લખેલ હતું. જે ખરેખર વાડીનું સરનામું છે પરંતુ સદર અરજદારે જેતે વખતે માંગણી વાળા ફોર્મમાં પત્રવ્યવહાર નું સરનામું ભાવનગર રોડ , સ્વામીનારાયણ મંદિરની બાજુમાં નવરંગ મંડપ સર્વિસ ની સામે બોટાદ લખેલ હતું.

૨.૩ સદર અંદાજપત્ર ના કવર ઉપર વાડીનું સરનામું લખાયેલ હોવાથી તે કવર ટપાલીના શેરા સાથે ઓફીસ માં પરત આવેલ છે.

૨.૪ અરજદાર દ્વારા સદર અંદાજપત્ર માટે તારીખ:૭-૧૨-૨૦૧૭ નારોજ તેમણે અરજી ઓફીસ માં ઇન્વડ નં.: ૧૮૦૯ તા.: ૭-૧૨-૨૦૧૭ ના રોજ કરેલ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર રસિકભાઈ જીવરાજભાઈ બારભાયા એ બોટાદ ગામમાં ખેતીવાડી સર્વે નં. ૯૧ માં તા.૧૫.૧૧.૧૩ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીએ તા. ૦૪.૧૦.૧૭ના રોજ વાદીને અંદાજપત્ર આપેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તારીખ ૦૨.૧૧.૧૭ હતી, વાદીને અંદાજપત્ર મળેલ નહિ, જેથી વાદી સમય મર્યાદામાં અંદાજપત્ર ભરી શકેલ નહિ.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

3.3 વાદીએ અરજી નોંધણી સમયે ફોર્મમાં વીજ જોડાણનું સ્થળ  સમઢીયાળા રોડ – બોટાદ લખેલ જ્યાં પ્રતિવાદીએ અંદાજપત્ર આપેલ, પરંતુ વાદીએ અરજી નોંધણી સમયે ફોર્મમાં પત્રવ્યવહારનું સરનામું ભાવનગર રોડ ઉપરનું બતાવેલ, જે મુજબ પ્રતિવાદીએ અંદાજપત્ર આપેલ નહિ આથી વાદીને અંદાજપત્ર મળેલ નહિ.

3.૪ પ્રતિવાદીએ વાદીના ફોર્મમાં જણાવ્યા મુજબના પત્ર વ્યવહારના સરનામે દિવસ-૭ માં અંદાજપત્ર આપવું.

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ **નં.3.૪ મુજબ  કરવા હુકમ કરવામાં આવે છે."**

સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| (બી. જે. દવે)<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>**ટેકનીકલ સભ્યશ્રી** | (એમ. આર.વજરીયા)<br>**અધ્યક્ષશ્રી,**<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>:પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |
|---|---|---|

તારીખ :–૨૦/૧૧/૨૦૧૮.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.